## મને શસ્ત્રક્રિયા દ્વારા પ્રસુતિની ક્યારે જરૂર પડી શકે?

શસ્ત્રક્રિયા દ્વારા પ્રસુતિમાં આશરે એકમાં ચાર બાળકો જન્મે છે. તેમાંની આ બે તૃત્યાંશ શસ્ત્રક્રિયા દ્વારા પ્રસુતિ અણધારી હોય છે. જો શસ્ત્રક્રિયા દ્વારા પ્રસુતિ અગાઉથી આયોજિત હોય તો તેને વૈકલ્પિક શસ્ત્રક્રિયા દ્વારા પ્રસુતિ કહેવામાં આવે છે. તમારા પ્રસુતિવિજ્ઞાનીને (તબીબ જે સગર્ભા સ્ત્રીની કાળજી અને બાળકની પ્રસુતિ માટે સુયાણી સાથે કાર્ય કરે છે) સામાન્ય પ્રસુતિમાં તકલીફ જણાય, તો વૈકલ્પિક શસ્ત્રક્રિયા દ્વારા પ્રસુતિની ભલામણ કરી શકે છે. તેનું એક ઉદાહરણ કે જો તમારું બાળક ગર્ભાવસ્થાના આખરી ચરણમાં અસામાન્ય સ્થિતીમાં હોય. અમુક કિસ્સાઓમાં, પ્રસુતિવિજ્ઞાની ઉતાવળમાં ગર્ભાશયની શસ્ત્રક્રિયા દ્વારા પ્રસુતિની ભલામણ કરી શકે છે, સામાન્ય રીત જ્યારે તમે પહેલેથી જ શ્રમ કરી રહ્યા હો. તેને તાત્કાલીક શસ્ત્રક્રિયા દ્વારા પ્રસુતિ કહેવામાં આવે છે. તેઓ તમને તેની ભલામણ કરી શકે છે કારણ કે તમારી શ્રમ કરવાની પ્રક્રિયા ખુબ જ ધીમી ચાલી રહી છે, કારણ કે બાળકની સ્થિતી બગડતી હોય અથવા સાથે બંનેની સ્થિતી બગડતી હોય. તમારા પ્રસુતિ વિજ્ઞાની તમારી સાથે ચર્ચા કરશે કે શા માટે શસ્ત્રક્રિયા દ્વારા પ્રસુતિ તમારે કરાવવી પડશે અને પહેલા તમારી પરવાનગી લેશે.

## મારી શસ્ત્રક્રિયા દ્વારા પ્રસુતિ માટે કેટલા પ્રકારની નિશ્ચેતન કરવાની ક્રિયા ઉપલબ્ધ છે ?

મૂળ બે પ્રકારની બેહોશ કરવની ક્રિયા છે. તમે કાં તો ભાનમાં(આંશિક નિશ્ચેતન) હો અથવા બેભાન(સંપૂર્ણ નિશ્ચેતન). સામાન્ય રીતે, જો તમારી શસ્ત્રક્રિયા દ્વારા પ્રસુતિ થવાની હોય, તો તમને આંશિક નિશ્ચેત કરવામાં આવશે. કે જેમાં તમે ભાનમાં હો પણ તમારા શરીરના નીચેના ભાગમાં તમને કોઈ સંવેદના અનુભવી શકશો નહિ. સમાન્ય રીતે તે તમારા અને તમારા બાળક માટે સુરક્ષિત છે અને તેનાથી તમે અને તમારા સાથી સાથે અનુભવ કરો છો. આંશિક બેહોશીના ત્રણ પ્રકાર છે. તેમાં કરોડરજ્જુ, કમરની નીચેના ભાગ અને કરોડરજ્જુ અને કમરની નીચેનો ભાગ બંને સાથે ખોટું કરવામાં આવે છે.

**કરોડરજ્જુ ખોટું કરવાની પદ્ધતિ** સૌથી સામાન્ય રીતે વપરાય છે. તે અગાઉથી આયોજિત કે તાત્કાલીક શસ્ત્રક્રિયામાં વપરાય છે. તમારા શરીરના નીચેના ભાગની સંવેદના જેના દ્વારા અનુભવાતી હોય તે નસો તમારા કરોડરજ્જુની અંદર પ્રવાહીયુક્ત કોથળીમાં સમાયેલી હોય છે. નિશ્ચેતનકર્તા સુક્ષ્મ સોય વડે પ્રવાહી યુક્ત કોથળીમાં લોકલ બેહોશીની દવાનું ઈન્જેક્શન મારે છે. આ પદ્ધતિ ઝડપી કામ કરે છે,અને બેહોશીની દવાનો અતિ નાનો ડોઝ જ જરૂરી છે.

**કમરની નીચેના ભાગ ખોટું કરવાની પદ્ધતિ** જ્યારે પ્લાસ્ટીકની નળી અથવા નલિકાને તમારા કરોડરજ્જુની નસની પાસે મુકવામાં આવે છે, ત્યારે જરૂર પડ્યે નસને ખોટું કરવાની દવા નળી વડે ફેલાય છે. નબળી લોકલ(સ્થાનીક) એનેસ્થેટીક સોલ્યુશન(નિશ્ચેતન કરવા માટેનું પ્રવાહી) વડે થતા દુ:ખાવાની સારવાર માટે હંમેશા કમરના નીચેના ભાગને નિશ્ચેત કરવામાં આવે છે. જો આપને શસ્ત્રક્રિયા વડે પ્રસુતિની જરૂર પડે, ત્યારે નિશ્ચેતનકર્તા ભારી લોકલ એનેસ્થેટીક સોલ્યુશન(નિશ્ચેતન કરવા માટેનું પ્રવાહી) આપી કમરના નીચેના ભાગને પણ સાથે સાથે ખોટો કરી શકે છે. તમને કરોડરજ્જુ તથા કમરની નીચેના ભાગ પર વધારે લોકલ નિશ્ચેતન કરવાનાં ડોઝની જરૂર પડી શકે છે, અને તેની અસર થતા વાર લાગે છે.

કરોડરજ્જુ તથા કમરના નીચેના ભાગને  નિશ્ચેત એક સાથે કરવું અથવા સીએસઈ એ બંનેનું મિશ્રણ છે. પ્રસુતિ માટે શસ્ત્રક્રિયા માટે કરોડરજ્જુ જલ્દી નિશ્ચેત થાય છે. જો જરૂર લાગે તો વધુ સમય બેહોશ કરવા માટે અને શસ્ત્રક્રિયા દ્વારા પ્રસુતિ કાર્ય પછી દુ:ખાવામાં રાહત આપવા માટે કમરની નીચેના ભાગને ખોટો કરવો પડે છે.

સામાન્ય નિશ્ચેતન વડે જયારે પ્રસુતિ વિજ્ઞાની શસ્ત્રક્રિયા દ્વારા પ્રસુતિ કરી રહ્યા હોય ત્યારે તમને બેભાન કરી શકાય છે. આજકાલ જનરલ એનેસ્થેસીયા ખુબ ઓછુ વપરાય છે. આંશિક બેહોશી તમને અનુકુળ નથી તેનું જો કોઈ કારણ હોય અથવા તમે બેહોશ રહેવા માગતા હોવ, તો તાત્કાલીક સારવાર માટે તે જરૂરી છે.

વૈકલ્પિક (આયોજિત)શસ્ત્રક્રિયા દ્વારા પ્રસુતિ માટે મારી એક વખત નોંધ થઇ જાય પછી શું થાય છે?

સામાન્ય રીતે શસ્ત્રક્રિયા દ્વારા પ્રસુતિ પૂર્વે તમે હોસ્પીટલની મુલાકાત લેશો. સુયાણી તમને જોશે અને તમે નબળા છો કે શું તેની ખાતરી કરવા હિમોગ્લોબીન (એચબી)તપાસવા માટે તમારું થોડું લોહી લેશે, અને તમારા બ્લડ ગ્રુપની ખાતરી કરશે કારણ કે શસ્ત્રક્રિયા બાદ તમને લોહી ચડાવવાની જરૂર પડી શકે છે. તમારી ચામડી પરથી અમુક ટુકડાઓ લઈ અને તેણી એમઆરએસએ તમને નથી કે તેની ખાતરી કરશે. તે સામાન્ય તપાસ છે. ચકાસણી બાદ મોટાભાગની સ્ત્રીઓ ઘરે પાછા જાય છે અને શસ્ત્રક્રિયા દ્વારા પ્રસુતિ કરવાની હોય તે દિવસે ફરી હોસ્પીટલે આવે છે, પરંતુ તમારે એક રાત પહેલા આવવાની જરૂર પડી શકે છે. પ્રસુતિ માટેની શસ્ત્રક્રિયા પૂર્વે પેટના એસીડને ઓછો કરવા સુયાણી તમને દવા આપશે અને માંદગીથી બચવા તે મદદ કરે છે. તે  પ્રસુતિ માટેની શસ્ત્રક્રિયા પૂર્વે અને શસ્ત્રક્રિયા થવાના દિવસે સવારે પણ લેવામાં આવે છે. પ્રસુતિ માટેની શસ્ત્રક્રિયા પૂર્વે થોડા સમય માટે તમારે ખાવા પીવાનું ટાળવું પડશે. શસ્ત્રક્રિયા દરમ્યાન તમને માંદગી ન આવે અને ગૂંચવણો ઓછી થાય તેના માટે છે. તમારી સુયાણી આ બધું તમને કહેશે...

પ્રસુતિ માટેની શસ્ત્રક્રિયા પૂર્વે તમારા નિશ્ચેતનકર્તા એ તમને જોવા જરૂરી છે. નિશ્ચેતનકર્તા તમારી સાથે તમારી ભૂતકાળની સ્વાસ્થ્ય વિષયક ચર્ચા કરશે અને પહેલા કયારેય તમને નિશ્ચેત કરવામાં આવ્યા હતા તેની ચર્ચા કરશે. તમને તપાસવાની કે વધુ પરીક્ષણોની જરૂર પડી શકે. નિશ્ચેતનકર્તા તમને જુદી જુદી રીતે બેભાન કરવાની રીતની વિષે તમારી સાથે ચર્ચા કરશે જેની તમને જરૂર પડી શકે અને તમારા પ્રશ્નોના જવાબ આપશે.

પ્રસુતિ માટેની શસ્ત્રક્રિયા પૂર્વે સુયાણી તમને જોશે કે તમે તમારી દવા લીધી છે. તમારો બીકનીનો ભાગ પરથી વાળ કાઢવા જરૂરી છે. તમારા હાથ કે ઘૂંટણ પર નામનો પટ્ટો બાંધવામાં આવશે. તમારા પગમાં લોહીના ગાંઠા ન વડે તેનું જોખમ નિવારવા સુયાણી તમને ખાસ પ્રકારના ચુસ્ત સ્ટોકીંગ (મોજા)(ટેડ સ્ટોકીંગ  કહેવાય છે) પહેરવામાં મદદ કરશે. તમને પહેરવા માટે થીયેટર ગાઉન આપવામાં આવશે. તમારા જન્મ સાથી, જો કોઈ હોય, જે પ્રસુતિ માટેની શસ્ત્રક્રિયા દરમ્યાન તમારી સાથે રહી શકે. ઓપરેશન થીયેટર માટે સુયાણી તેમને ખાસ કપડાં આપશે.

ઓપરેશન થીયેટરમાં ઘણા બધા લોકો કામ કરે છે.

- સુયાણી તમારી અને તમારા બાળકની કાળજી માટે મદદ કરવા ત્યાં રહેશે.
- નિશ્ચેતનકર્તા ની મદદનીશ રહેશે.
- પ્રસુતિ વિજ્ઞાનીની મદદનીશ અને ખુબ જ સાફ સુથરી નર્સ રહેશે.
- ત્યાં અન્ય નર્સ હશે જે વધારાના સાધનો મેળવવા માટે જવાબદાર હશે. ઓછામાં ઓછા 7 કર્મચારી થીયેટરમાં હશે.
- બાળકોના ડોક્ટર પણ હાજર હશે જો તે/ તેણીની જરૂર પડે તો.

## જો મને આંશિક નિશ્ચેત કરવામાં આવે તો શું થશે?

થીયેટરમાં, તમારા લોહીનું દબાણ, હૃદયના ધબકારા અને તમારા લોહીમાં ઓક્સીજનની સંખ્યા માપવા માટે તમારી સાથે સાધન જોડવામાં આવશે. તે તમને વાગશે નહિ. નિશ્ચેતનકર્તા  તમારા હાથ કે કાંડાની નસમાં ટ્યુબ (એક પાતળી નળી) લગાવશે અને તમને પ્રવાહી ટીપાં રૂપે ઝરે એવી ગોઠવણ કરશે. અને નિશ્ચેતનકર્તા  બેભાન કરવાની પ્રક્રિયા શરુ કરશે.

તમને બેસવા અથવા તમારી બાજુ તરફ, પીઠ વાકી કરી સુઈ જવા કહેવામાં આવશે. નિશ્ચેતનકર્તા  જંતુરહિત પ્રવાહી તમારી પીઠ પાછળ લગાવશે કે છાંટશે, જે ઠંડુ લાગશે. પીઠના નીચેના ભાગમાં વચ્ચે યોગ્ય ભાગ શોધી અને ચામડીને નિશ્ચેત કરવા માટે તમને થોડું નિશ્ચેતનકર્તાનું ઇન્જેક્શન આપવામાં આવશે. કોઈક વખત થોડી વાર માટે ડંખ લાગ્યો હોય એવું લાગે છે. પછી, કરોડરજ્જુ નિશ્ચેત કરવા માટે,એક ઝીણી સોય તમારા ખભા પર લગાવવામાં આવે છે. ઘણીવખત તમને સોય લગતા જ નાના ઈલેક્ટ્રિક શોકની જેમ, એક પગમાં ઝણઝણાટી થતી હોય એવું લાગે. જો એવું થાય તો, તમારે નિશ્ચેતનકર્તાને કહેવું જોઈએ, પરંતુ જયારે નિશ્ચેતનકર્તા  કરોડરજ્જુમાં ઇન્જેક્શન આપતા હોય, ત્યારે તમારે સ્થિર રહેવું મહત્વનું છે. જયારે સોય યોગ્ય સ્થિતીમાં હોય, તેઓ સ્થાનીક નિશ્ચેતનનું ઇન્જેક્શન અને દુ:ખાવો દુર કરવા માટેની દવા આપે છે અને પછી સોય કાઢી લે છે. સામાન્ય રીતે તેને માત્ર થોડો સમય જ લાગે છે, પરંતુ જો સોય મારવા માટેની યોગ્ય જગ્યા ગોતવામાં મુશ્કેલી પડે તો, તેને થોડો સમય લાગે છે.

કમરની નીચેના ભાગમાં (અથવા કરોડરજ્જુ –કમર નીચેનો ભાગ બંને સાથે), નીશ્ચેતક મોટી સોય વાપરશે જેથી તેઓ કરોડરજ્જુમાં નસ પાસેની જગ્યા પર કેથેટર (ટ્યુબ) મૂકી શકે. કરોડરજ્જુ પર મુકવાથી કોઈ વખત પગમાં ઝણઝણાટી લાગે કે ઈલેક્ટ્રિક શોક લાગ્યો હોય એવું લાગે. પરંતુ તમારે સ્થિર રહેવું જરૂરી છે જયારે નિશ્ચેતક કમર નીચે લગાવતા હોય, એક વખત કેથેટર મુક્યા બાદ તેઓ સોય કાઢી લેશે અને તમારે સ્થિર રહેવાની જરૂર નથી.

જયારે કરોડરજ્જુ –કમર નીચેનો ભાગમાં કામ ચાલુ થાય,તમારા પગ ખુબ ભારી અને ગરમ હોય એવું લાગશે. ઝણઝણાટી પણ થવાની શરુ થશે. અને ધીરે ધીરે નિશ્ચેતતા તમારા શરીરમાં ફેલાતી જશે. પ્રસુતિ માટે શસ્ત્રક્રિયા ચાલુ થાય તે પહેલા  નિશ્ચેતક તપાસશે કે નિશ્ચેતતા તમારી છાતીની મધ્યે પહોચી છે. કોઈ વખત જરૂરી છે કે તમારી સ્થિતી બદલી અને ખાતરી કરો છે નિશ્ચેતતા બરાબર કામ કરી રહી છે. ટીમ તમારા લોહીનું દબાણ વારંવાર લેશે.

નિશ્ચેતક કરોડરજ્જુમાં, કમર નીચેના ભાગમાં અથવા કરોડરજ્જુ –કમર નીચેનો ભાગ બને સાથે પર મુકવાનું પૂર્ણ કર્યું છે, તમને તમારા ચતા મુકવામાં આવશે અને ડાબી તરફ નમાવવામાં આવશે. જો તમને ગમે ત્યારે બીમારી જેવું લાગે, તમારે તેના માટે નીશ્ચેતકને કહેવું જોઈએ. લોહીનું દબાણ નીચે જતા હંમેશા બીમારી જેવું લાગે છે. નીશ્ચેતક તે માટે તમને સારવાર આપશે. જયારે નીશ્ચેતતાની અસર થવાનું શરુ થાય, શસ્ત્રક્રિયા દરમ્યાન મૂત્રાશય ખાલી રહે તે માટે સુયાણી નાની ટ્યુબ (નળી)(મૂત્રાશય કેથેટર) તમારા મૂત્રાશયમાં ભરાવશે. તે અનુકુળ હોવી જોઈએ. સામાન્ય રીતે મૂત્રાશય કેથેટર, તમે ચાલી શકો પછી કાઢી નાખવામાં આવે છે અને ઓછામાં ઓછા 12 કલાક પછી છેલ્લો

(વધારાનો ડોઝ)( કરોડરજ્જુ કે કમર નીચેનો ભાગ નિશ્ચેત કરવા માટેની દવાનો ડોઝ નીશ્ચેતતા જાળવવા માટે આપેલ હોય છે). માટે તમારે પેશાબ પસાર કરવા માટે તમારે ચિંતા કરવાની જરૂર નથી. સુયાણી શસ્ત્રક્રિયા શરુ થાય તે પહેલા તમારા બાળકનાં હૃદયના ધબકારા પર સંભાળશે.

## શસ્ત્રક્રિયા દરમ્યાન જયારે હું ભાનમાં હોવ ત્યારે મારા સાથે મારા સાથી રહી શકશે?

જો તમને આંશીક નિશ્ચેત કરવામાં આવ્યા હોય, તમારા જન્મ સાથી તમારી સાથે ઓપરેશન થીયેટરમાં જોડાઈ શકે છે. રૂમના અમુક ક્ષેત્રને બાદ કરતા તેઓને બેસાડવામાં આવશે. જંતુરહિત ઓપરેશનના સાધનો માટેનું જોખમ ઘટાડવા માટે તેવું કરવામાં આવે છે. (જો તમે સંપૂર્ણ નિશ્ચેત હો, તમારા જન્મસાથીને અન્ય રૂમમાં રાહ જોવાનું કહેવામાં આવશે.)

## હું ભાનમાં હોવ ત્યારે શસ્ત્રક્રિયા દરમ્યાન શું થતું હોય છે?

શસ્ત્રક્રિયા શરુ થતા પહેલા જ, થીયેટર ટીમના સભ્યો તમારું નામ, જન્મ તારીખ અને હોસ્પિટલ ક્રમાંક પૂછશે, જેથી ખાતરી થાય છે કે શસ્ત્રક્રિયા શરુ થતા પહેલા અમે સાચા દર્દી જોડે છીએ.

તમે અને તમારા જન્મ સાથીને તમારા શરીરના નીચેના ભાગ સાથે અલગ કરતી સ્ક્રીન હશે. નિશ્ચેતકર્તા પૂરો સમય તમારી સાથે રહેશે. તમે આસપાસ તૈયારી થતી હશે તે સાંભળી શકો છો. કારણ કે પ્રસુતિ વિજ્ઞાની સુયાણીની ટીમ સાથે ઓપરેશન થીયેટરના કર્મચારી સાથે કામ કરતા હશે.

સામાન્ય રીતે તમારી બીકની લાઈનની ચામડી થોડી કાપવામાં આવશે. એકવખત શસ્ત્રક્રિયા ચાલુ થાય તમને સાધનોનો અને બાળકની આસપાસ પ્રવાહી ખેચાણનો અવાજ સંભળાશે.

## આંશીક નિશ્ચેતતા સાથે શસ્ત્રક્રિયા દરમ્યાન મને કોઈ સંવેદના થશે?

પ્રસુતિની શસ્ત્રક્રિયા દરમ્યાન, તમને ખેચ અને દબાણ લાગે, પરંતુ તમને દુ:ખાવો ન થવો જોઈએ. અમુક સ્ત્રીઓ જણાવે છે કે આ એવી સંવેદના છે જાણે ‘કોઈ મારા પેટની અંદર ધોવાણ કરતા હોય’. શસ્ત્રક્રિયા થતી હોય તે દરમ્યાન નીશ્ચેતકર્તા તમારી સાથે વાત કરશે અને જરૂર લાગે તો દુ:ખાવા દુર કરવાની દવા આપે. કોઈવખત તેઓ તમને સંપૂર્ણ નિશ્ચેત કરવાનું જરૂરી લાગે, પરંતુ તે જવ્લે જ બને.

## પ્રસુતિની શસ્ત્રક્રિયામાં કેટલો સમય લાગે છે?

શસ્ત્રક્રિયાની શરૂઆતથી આશરે 10 મિનીટ થી લઈને તમારું બાળક ન જન્મે ત્યાં સુધી સમય લાગે છે. પ્રસુતિ વિજ્ઞાનીને વધુ અડધી કલાક શસ્ત્રક્રિયા પૂરી કરતા થશે. જોકે, દરેક પ્રસુતિની શસ્ત્રક્રિયા જુદી જુદી હોય,તેનાથી વધુ સમય લાગી શકે છે.

## જયારે હું સભાન હોવ મારા બાળકનાં જન્મ પછી તેને શું થશે?

તમારા બાળકના જન્મ બાદ તુરંત, સુયાણી તમારા બાળકને સાફ કરે છે અને તપાસે છે. બાળકોના ડોક્ટર તે સુયાણી સાથે તપાસે છે. તેઓ ખુશ થાય કે બાળકની પરિસ્થિતિ સારી છે, ત્યાર પછી તમારા અને તમારા સાથીના હાથમાં તમારા બાળકને રમાડવા આપે છે, કોઈ કિસ્સામાં ચામળીનો ચામળી સાથે સંપર્ક થાય છે.

## પ્રસુતિની શસ્ત્રક્રિયા દરમ્યાન મને કોઈ અન્ય દવા આપવામાં આવે છે?

પ્રસુતિની શસ્ત્રક્રિયા શરુ થતા પહેલા, ટપક થતી નળીમાં ચેપ લાગવાનું જોખમ ઓછું કરવા જીવાણુંનાશક નાખવામાં આવે છે. જન્મ પછી, એક દવા જેનું નામ એન્ટીટોસીન તમારા ગર્ભાશયને ચસચસાવવા માટે તમારી ટપક નળીમાં નાખવામાં આવે છે જેથી લોહી ઓછુ પડે. જો તમને બીમારી જેવું લાગે, તો તમને બીમારી ન લાગે અને ઉલટી ન થાય તે માટે દવા આપવામાં આવે છે. જો તમને અનુકુળ ન લાગે તો નિશ્ચેતકર્તા તમને તે દુર કરવા માટે વધારાની દવા આપે અને કોઈ વખત, તેઓ તમને સંપૂર્ણ નિશ્ચેત કરે છે. પ્રસુતિની શસ્ત્રક્રિયાને અંતે, તમને પાછળની બાજુ પીડા-રહિત દવા સભાન થાઓ ત્યારે દુ:ખાવો દુર કરવા માટે આપવામાં આવે છે.

## જયારે હું સભાન થાઉં અને પ્રસુતિની શસ્ત્રક્રિયા પૂર્ણ થાય ત્યારે શું થાય છે?

શસ્ત્રક્રિયા પછી. તમને રીકવરી રૂમમાં લઇ જવામાં આવે છે જ્યાં તમારું લોહીનું દબાણ સતત જોવામાં આવે છે. તમારા સાથી અને તમારું બાળક સામાન્ય રીતે તમારી સાથે હોય છે. તમારા બાળકનું વજન કરવામાં આવશે જો થીયેટરમાં કરવામાં ન આવ્યું હોય તો. અને પછી તમારે સ્તનપાન કરાવવાનું શરુ કરવું હોય તો તમે કરાવી શકો છો. રીકવરી રૂમમાં નીશ્ચેતતા ધીરે ધીરે દુર થશે અને તમને ઝણઝણાટી કે ખંજવાળ જેવું લાગે. બે કલાકમાં તમે તમારા પગને ફરી હલાવી શકશો.

## પ્રસુતિ માટેની મારી શસ્ત્રક્રિયા માટે સંપૂર્ણ નિશ્ચેત કરવાની જરૂર શા માટે પડી શકે છે?

- પ્રસુતિ માટેની તમારી શસ્ત્રક્રિયા માટે સંપૂર્ણ નિશ્ચેત કરવાનાં અમુક કારણો છે:
- અમુક પરિસ્થિતિમાં જો તમારા લોહીનું બંધારણ બરાબર ન હોય,તો કરોડરજ્જુ કે કમર નીચેનો ભાગ નિશ્ચેત ન કરવો શ્રેષ્ઠ છે.
- જો તમને પ્રસુતિ માટેની શસ્ત્રક્રિયાની તાત્કાલિક જરૂર પડે, અને કરોડરજ્જુ કે કમર નીચેનો ભાગ નિશ્ચેત કરવાનો પુરતો સમય ન હોય .
- તમારી પીઠમાં અસામાન્યતાને લીધે આંશિક નીશ્ચેતતા મુશ્કેલ અથવા અશક્ય બનાવી શકે છે.
- કોઈક વખત, કરોડરજ્જુ કે કમર નીચેનો ભાગ પર યોગ્ય જગ્યાએ દવા ન મુકાઈ શકે તેમ હોય, અથવા બરાબર કામ આપી શકે તેમ ન હોય.

## જયારે મને સંપૂર્ણ નિશ્ચેત કરવામાં આવેલ હોય ત્યારે મારા સાથી મારી જોડે રહી શકશે?

કમનસીબે, તમારા સાથી તમારી સાથે ઓપરેશન થીયેટરમાં આવી શકતા નથી. જોકે, તે તમારી સાથે ઓપરેશન થીયેટરની નજીક હશે અને તે તમારા બાળકને જોઈ શકશે જયારે તે કે તેણી જન્મે.